R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 21 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH SEPTEMBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

## દ્વિતીય પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### એડ. રાયચંદભાઈ રતનશી નાગડા (R.R.)

**અરિહંતશરણ : તા. ૦૫.૦૯.૨૦૨૦**

એક દાયકા સુધી આપશ્રીએ ''પ્રકાશ સમીક્ષા''નું તંત્રીપદ શોભાવ્યું અને આપના તંદુરસ્ત વિચારો, યથાર્થ શબ્દો તથા તટસ્થ મુલ્યાંકન દ્વારા જ્ઞાતિજનોના હૃદયમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આપશ્રી ''પ્રકાશ સમીક્ષા''ની મુલ્યનિષ્ઠતા, નિયમિતતા તથા વિવિધતા માટે સતત જાગૃત રહ્યા હતા.

**દ્વિતીય પુણ્યતિથિએ આપને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# સર્વે વાચકોને મિચ્છામિ દુક્કડમ

## સર્વે કદઓ તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



- ડૉ. હીરાચંદ દંડ

'મિચ્છામિ દુક્કડમ' એક અદભૂત વચન છે જે આપણે ઉચ્ચારીએ છીએ ત્યારે એની અસર વિશ્વ સંચાલક શક્તિ કે જેને આપણે 'યુનિવર્સ' કહીએ છીએ એના ઉપર પડે છે અને જરૂર આપણા ખરાબ કર્મોને 'અકર્મ'માં બદલે છે.

મિચ્છામિ દુક્કડમ' એટલે ફક્ત માફી માંગવી અને માફી આપવી એ નથી, પણ આપણે આપણા બોલાયેલા શબ્દો - વિચારો અને કાયાના હાવભાવથી જેમને દુભાવ્યા છે એવા આપણા કર્મો, અકર્મ (ન્યુટ્રલ) બને એટલે કે એ દુષ્કૃત્યોના બીજ ફણગે નહીં અને મૃતપાય થઈ જાય. એ પ્રત્યક્ષ રીતે હકીકતમાં થવું જોઈએ અને તમને એનો અનુભવ પણ મન, શરીર અને વચન ઉપર થવો જોઈએ. આપણા અપકૃત્યો (મન, વચન અને કાયાથી)નું ચેઈન રીએક્શન આવે છે એની અસર એકથી વધારે જણ ઉપર થાય છે એ નક્કી.

ઓસવાલ જૈનોનો ઈતિહાસ એમ કહે છે મૂળ તેઓ રાજસ્થાનના ક્ષત્રિયો અને જૈન સાધુ ભગવંતોના ઉપદેશથી જૈન ધર્મ અપનાવ્યો અને સ્થળાંતર થતા આખા ભારત વર્ષમાં ફેલાયા. જૈન ધર્મ પાળનારાઓની સંખ્યા એક સમયે આખા દેશમાં ખૂબજ હતી. શત્રુંજય ગિરિરાજ, સમેતશિખર અને દક્ષિણ ભારતના જૈન દેરાસરો અને મૂર્તિઓ આનો પુરાવો છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. અપરિગ્રહ, માફી વગેરે સિદ્ધાંતો જૈન ધર્મના પાયા છે અને જૈનોની સદ્ધરતા, ઉદારતા, અદભૂત સાહસિકતાના પૂરાવા છે.

અમુક ધર્મ પાળનારા અને તેના સ્થાનકો દેશના અમુક જ ભાગમાં હશે. જૈનો મૂળે ક્ષત્રિયો એટલે કે બહાદુર કોમ છે, તેથી જ અદ્ભૂત તીર્થસ્થાનો અને જિનાલયો દેશભરમાં પથરાયેલા છે, હવે જૈનોને પાછી એમની બહાદુરતા, સદ્ધરતા, પ્રબળતા અને શક્તિમાં વધારો કરવાની જરૂર છે અને એથી જૈનોની તથા જૈન સ્થાનકોની રક્ષા થશે.

કેટલાક સાધુ ભગવંતો હવે ધર્મ અને સંસ્કૃતિની રક્ષાકાજે છડે ચોક અમુક સામાજિક અને રાજકીય અસમાનતા વિશે બોલે છે. અને ઈતર ધર્મના ધર્મગુરૂઓ પોતાના ધર્મની અને એ ધર્મ પાળતા લોકોની ભલાઈ અને રક્ષણ માટે રાજકારણમાં પ્રવેશે છે તેઓ જોખમ લે છે. મુખ્ય મંત્રી શ્રી આદિત્યનાથ આપણી સામે છે.

કુંભ મેળામાં શાહી સ્નાન માટે નાગા સાધુઓ તલવાર ખેંચતા અચકાતા નથી. શીખોના ધર્મગુરુઓએ ધર્મની અને સ્વની રક્ષા કરવા કિરપાણ અપનાવી છે. આજે ભારતીય લશ્કરમાં શીખોનો દબદબો છે. જૈનોએ હવે પોતાના સિદ્ધાંતોને ફક્ત પોથીમાં નહીં રાખતા, કરી બતાવવાનો સમય આવી ગયો છે. ઉપવાસ, જપ અને તપથી જરૂર આત્માનું કલ્યાણ થાય છે. માફી અને શાંતિ પ્રસરે છે. હવે આજ અપરિગ્રહ માફી વગેરે સિદ્ધાંતોને પ્રબળ બનાવવા વધારે શારીરિક અને માનસિક શક્તિની જરૂર છે. કેમકે સમય સાથે તાલ મિલાવવાની જરૂર છે.

અમેરિકામાં તો રેડિકલ ફર્ગિવનેશ ક્લીનીક એટલે માફીનામાના દવાખાનાઓ ખુલ્યા છે. અને આપણે જૈનો તો દરરોજ મન-વચન અને કાયાથી મિચ્છામિ દુક્કડમ કહીએ છીએ.

ક્ષમા વિરસ્ય ભૂષણમ્ : અહિંસા પરમોધર્મ, શ્રી મહાત્મા ગાંધીએ આ સુત્રો પોતાના મન, વચન અને કર્મમાં ઉતાર્યા હતા અને એમનું અહિંસાનું શસ્ત્ર ફક્ત ભારતને જ નહિં પણ કેટલાક દેશોને ગુલામીની જંજીરમાંથી મુક્ત કરી ગયું. પણ સ્વરક્ષા કાજે એમણે પણ હથિયાર ઉપાડવાની વાત કરી હતી.

વિહાર કરવાથી શારીરિક શકિત વિકસે છે, ચૌવિહારની મહત્તા જૈનેતરો પણ સમજી ગયા છે. જૈન ધર્મ વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત છે એ પણ પૂરવાર થઈ ગયું છે. અનેકાન્તવાદનો સિદ્ધાંત સર્વેને મુક્તિ આપે છે. અપરિગ્રહે કેટલી મોટી મોટી સખાવતો કરાવી છે. જૈન ધર્મના સિદ્ધાંતો અનેક મહાપુરુષોએ પોતાના જીવનમાં ઉતાર્યા છે. મહાત્મા ગાંધી વીસમી સદીના સમયનું આપણી સમક્ષ મોટું ઉદાહરણ છે.

દરેક ધર્મનો એક સિદ્ધાંત છે કે આત્માનો મોક્ષ થવો જોઈએ અને એનાથી માનવ જાતિનું કલ્યાણ થવું જોઈએ.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૨૧, તા. ૦૫-૦૯-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

વિદેશી આક્રમણો સામે ભારતની સંસ્કૃતિ હજારો વર્ષોથી અડીખમ ઉભી છે અને સાથે સાથે જૈન ધર્મ પણ. કારણ કે આ સંસ્કૃતિ એક મહાશક્તિ છે જે વિશ્વ સંચાલન શક્તિ સાથે એકરૂપ છે. દુનિયાના મોટા ભાગનાં દેશો ક્રિશ્ચિયન, બૌધ કે ઈસ્લામર ધર્મ પાડે છે અને આની વચ્ચે ભારતની જૈન સંસ્કૃતિ એ સનાતન સંસ્કૃતિની એક ખૂબજ પ્રબળ ઝળહળતી જ્યોત છે એ આખી દુનિયાએ સ્વીકાર્યુ છે. શંત્રુજય ગીરીરાજ, સમેત શીખર અને દેલવાડાના દેરાસરો એક દિવ્યતમ રૂપ છે નહિં કે ફક્ત ઉચ્ચતમ કલાકારીના નમૂના. આ કલાકારીની સર્વોચ્ચતા છે કારણ કે એમા ધર્મની પ્રેરણા છે.

જૈન ધર્મ અને જૈન સમાજ શબ્દ સાંભળતા જ લોકો જૈનોને સધ્ધરતા, સાહસિકતા અને સહૃદયતા ધરાવતી કોમ તરીકે જુએ છે. જૈનોએ રાજકારણ, ખેલકુદ અને લશ્કરમાં પોતાની શક્તિ દાખવવાની જરૂર છે. આપણા દેશની ખાસ કરીને કચ્છની સામાજિક પરિસ્થિતિ ઝડપથી બદાલાઈ રહી છે તેથી આપણે પણ ઝડપથી શક્તિશાળી બનવું પડશે. સમય પલક ઝપકતા બદલાય છે. કચ્છમાં અને અન્ય ઠેકાણે દેરાસરો અને તેની માલમત્તાનું રક્ષણ કરવું જરૂરી છે. શક્ય હોય તો જૈન જ્ઞાતિની માલમિલકતોની આજુબાજુની જમીનો - માલમિલક્ત ખરીદી લેવી જોઇએ.

યુદ્ધો, વિવાદ, ટંટા ફસાદ, અસમાનતા, ધાર્મિક અસહિષ્ણુતા, ગુનાખોરી, બધુ અનાદી કાળથી ચાલી રહ્યું છે, ચાલશે જ અને સાથે સાથે ધર્મની અને માનવજાતની રક્ષા કાજે શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી આદેશ્વર દાદા તથા તિર્થંકરો પ્રગટ થાય છે, થતાં રહેશે.

અને છેલ્લે માફી માંગો અથવા આપો ત્યારે એવી રીતે માંગો અથવા આપો કે તમારા અને સામાવાળાના આત્મા ઉપરના ઘાવ રૂઝાઇ જાય અને એનો દાગ પણ રહેવા ન પામે.



**એડ. ઉદયન લાલજી શાહ**


**Exclusive Embroidery & Upto date Finishing**

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Originally at Zaveri Bazar since 1976　Follow us on

# મળવા જેવા માણસ...

## શ્રી જય પ્રફુલકુમાર રાયચંદ નાગડા - નલિયા (ખંડવા)



આપણામાંના મોટાભાગના લોકોને લાઈમ લાઈટમાં રહેવાનું પસંદ છે. આપણને બધાને ખ્યાતિ અને પ્રસિદ્ધિ ગમે છે. પરંતુ ગયા મહિને હું ખંડવામાં એક વ્યક્તિને મળ્યો જેણે ઘણું બધું કામ કર્યું છે, સફળતા પ્રાપ્ત કરી છે પરંતુ ખંડવાની બહારનો ક.દ.ઓ. સમુદાય તેમા વિશે બહુ વાકેફ નથી. તેનું કારણ એ છે કે તેઓ પ્રસિદ્ધિ અને પ્રચારથી દૂર રહે છે. હું ભાગ્યશાળી હતો કે જ્યારે હું ખંડવા જઈ રહ્યો હતો ત્યારે શ્રી નરેશ ભવાનજી મોમાયા (શાહ) એ તેમનું નામ મને કહ્યું. ચાલો હું પડદો ખોલીને આપ સૌને પરિચય કરાવું શ્રી જય પ્રફુલકુમાર રાયચંદ નાગડા, નલિયા-ખંડવા સાથે.

જયભાઈ સ્વર્ગસ્થ શ્રી રાયચંદ પિતાંબર નાગડાના પૌત્ર છે, જે માત્ર ક.દ.ઓ.માં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં ખૂબ જ આદરણીય નામ છે. શ્રી રાયચંદભાઈ સ્વાતંત્ર્ય સેનાની હતા અને ઘણી વખત જેલમાં ગયા હતા. રાયચંદભાઈ ભારતના મોટા ઉદ્યોગપતિ હતા અને ખંડવાના કપાસના રાજા હતા, પરંતુ મહાત્મા ગાંધીને મળ્યા પછી તેમની જીવનશૈલી અને વિચારસરણી સંપૂર્ણપણે બદલાઈ ગઈ. રાયચંદભાઈના ખંડવામાં ૭ બંગલા હતા અને તેમના કપડાં ખાસ બોક્સમાં ધોવા અને ઈસ્ત્રી કરવા માટે ટ્રેનમાં મુંબઈ જતા હતા. ગાંધીજીને મળ્યા પછી રાયચંદભાઈનું જીવન બદલાઈ ગયું. ખંડવાની મુલાકાત દરમિયાન ગાંધીજી તેમના એક બંગલામાં રોકાયા હતા અને સ્વર્ગસ્થ લાલ બહાદુર શાસ્ત્રીએ તેમના ઘરે બપોરનું ભોજન લીધું હતું. શ્રી રાયચંદભાઈ ખંડવાની સરકારી શાળા પર ભારતીય ધ્વજ લહેરાવનાર પ્રથમ વ્યક્તિ હતા. બ્રિટિશ સરકાર દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમની યાદમાં ખંડવામાં એક સરકારી શાળાનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. રાયચંદભાઈએ સ્વાતંત્ર્ય સેનાનીઓને આપવામાં આવતા કોઈપણ લાભો સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.અને આજ સુધી તેમના પરિવારના સભ્યો તેમને અનુસર્યા છે. ચાલો આજે મળીએ તેમના તેજસ્વી, બુદ્ધિશાળી, વિચારશીલ અને ડેશિંગ પૌત્ર જય નાગડાને.

**પ્ર.સ.:** આપના બાળપણ, શિક્ષણ, પરિવાર અને શોખ વિશે કંઈ કહેશો?

**જયભાઈ :** મારો જન્મ અને ઉછેર ખંડવામાં થયો છે. મારા કાકાઓ અને પિતરાઈ ભાઈઓ સહિત સમગ્ર પરિવાર હજુપણ ખંડવામાં જ રહે છે અને તેઓ અન્ય ક્યાંય જવા ઈચ્છુક નથી. મેં એમ.એસ.સી. સુધીનો અભ્યાસ અહીં જ કર્યો છે. અભ્યાસ પુર્ણ થયા પછી હું મારા પિતાજીના ફોટોગ્રાફીના વ્યવસાયમાં જોડાયો. મારા પિતા પ્રફુલકુમાર જાણીતા ફોટોગ્રાફર હતા અને તેમના પાડેલા અનેક ફોટોગ્રાફસ્ ભારતના વિવિધ સામાયિકો અને સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા હતા.

**પ્ર.સ.:** ફોટોગ્રાફર તરીકે તમે શરૂઆત કરી પછી પત્રકારિતામાં કઈ રીતે આગળ વધ્યા?

**જયભાઈ :** પિતાજી કેમેરાના કસબી હતા. તેમના પગલે ચાલી મેં પણ ફોટોગ્રાફી શરૂ કરી. અને સમાચારપત્રોમાં પ્રસિદ્ધ કરવા ફોટોગ્રાફ મોકલતો હતો. આ રીતે પત્રકારિતા તરફ યાત્રા આગળ વધી. તે સમયે 'નઈ દુનિયા' ખૂબજ પ્રસિદ્ધ અખબાર હતું. તેમના તરફથી મને નિમંત્રણ મળ્યું કે હું ફોટોગ્રાફ મોકલું છું તેની સાથે લખાણ પણ મોકલું. અને આમ ૧૯૮૮માં 'નઈ દુનિયા'માં લખવાનું શરૂ કર્યું. ફક્ત બે





જ વર્ષની અંદર ૧૯૯૦માં મને 'નઈ દુનિયા'ના ખંડવા જીલ્લાના બ્યુરોચીફ તરીકે નીમવામાં આવ્યો.

**પ્ર.સ.:** આપે અન્ય સમાચાર પત્રો તથા ટીવી ચેનલ્સ માટે પણ કામ કર્યું છે, એ વિશે થોડો પ્રકાશ પાડશો?

**જયભાઈ :** 'નઈ દુનિયા'માં મારું કામ જોઈને અન્ય સમાચાર પત્રો તથા ટીવી ચેનલોએ તેમના માટે પણ સમાચાર મોકલવા મારો સંપર્ક કર્યો. અને મેં ઈન્ડિયન એક્સપ્રેસ, જનસત્તા તથા આજતક માટે કામ કરવાનું શરૂ કર્યું. અત્યારે હું આજ તક, ઈન્ડિયા ટુડે, બંસલ ન્યુઝ, આઈએનએચ વગેરે ચેનલ્સ માટે કામ કરૂં છું.

**પ્ર.સ.:** આપે 'નઈ દુનિયા' પત્ર ક્યારે અને શા માટે છોડ્યું?

**જયભાઈ :** મે ૨૦૦૪માં 'નઈ દુનિયા' એટલા માટે છોડ્યું કે પત્રના મેનેજમેન્ટ દ્વારા મને જાહેરાત વગેરેના માધ્યમથી આવક ઊભી કરવા કહેવામાં આવ્યું. હું માનું છું કે જો પત્રકારોએ પ્રમાણિકતાથી ફરજ નિભાવવી હોય તો પોતાની જાતને પૈસાની બાબતોથી અને સરકાર તથા નેતાઓથી દૂર રાખવી જોઈએ. તોજ નિર્ભિકતાથી પત્રકારિતા થઈ શકે.

**પ્ર.સ.:** તમે સરકાર સામે પણ મેદાને પડ્યા છો?

**જયભાઈ :** હા, મેં ખંડવાના પ્રશ્નો માટે, પર્યાવરણ માટે તથા સરકાર દ્વારા  લેવામાં આવેલા અમુક ખોટા પગલા વિરૂદ્ધ લડત આપી છે. મધ્યપ્રદેશ સરકાર દ્વારા તળાવની જમીનના વેંચાણના નિર્ણય વિરૂદ્ધ લડત આપી છે. મેં સરકારની વિરૂદ્ધ હોય એવી અનેક બાબતોની માહિતી મેળવી તેને સાર્વજનિક કરી છે. મને પર્યાવરણની લડતના અગ્રણી શ્રી અનિલ અગ્રવાલ દ્વારા દિલ્હીના વિજ્ઞાનભવનમાં આયોજિત જલ કોન્ફરન્સમાં વક્તવ્ય આપવા નિમંત્રણ મળેલું. જ્યાં અનેક મંત્રીઓ હાજર હતા. ત્યાં મેં મારા વિચારો નીડરતાથી અને સચ્ચાઈથી પ્રસ્તુત કર્યા હતા. અને ત્યાં ઉપસ્થિતો એનાથી પ્રભાવિત થયા હતા.

**પ્ર.સ.:** પત્રકારિતા સાથે અન્ય શું પ્રવૃત્તિઓ કરો છો?

**જયભાઈ :** હાલમાં હું પત્રકારત્વ ભણાવી રહ્યો છું. જો કે હું કૉલેજમાં પત્રકારત્વ શીખ્યો નથી. હું માનું છું કે 'હર આદમી હર કામ કર સકતા હૈ' અને 'ડીગ્રી ઈઝ ગેટ પાસ, અલ્ટીમેટ ઈઝ પર્ફોમન્સ'. એટલે મન હોય તો માળવે જવાય એ મુજબ ઈચ્છાશક્તિ પ્રબળ હોય તો કંઈપણ શીખી શકાય છે.

પત્રકારત્વમાં આવક વધારે નથી (જો તમે યલો જર્નાલિઝમ નથી કરતા તો) એટલે 'ઘર કી રોટી ખાઓ, મામુ કી બકરી ચરાવ' એવો તાલ છે. તેથી ૧૯૯૧માં મેં તથા મારા બે મિત્રોએ મળીને 'સ્કોલર્સ ડેન' નામની શાળા શરૂ કરી હતી. અમે દરેક ભાગીદારે ૧૦,૦૦૦/- રૂપિયા કાઢ્યા











હતા. અમારો ઈરાદો શાળામાંથી પૈસા કમાવવાનો હતો, પરંતુ જ્યારે મેં અનુભવ્યુ કે જનતા મારા પર સંપુર્ણ વિશ્વાસ મુકી રહી છે, ત્યારે મારી દૃષ્ટિમાં બદલાવ આવ્યો. ફિલ્મ સ્વામી દાદાનો ડાયલોગ 'લોગ ભરોષા કરતે હૈ ઉસે તોડો મત' મારા માટે માર્ગદર્શક બન્યો. નાના અને જુના મકાનમાં શરૂ કરેલી શાળા અમે મોટી ઈમારતમાં સ્થળાંતરિત કરી. પછી અમોએ વ્યાજબી ભાવે ૧૧૦૦૦ ફુટ જમીન ખરીદી શાળાની ઈમારત બનાવી. જ્યાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ધ્યાન કેન્દ્રિત કર્યું.

**પ્ર.સ.:** તમોએ વિદ્યાકુંજ ઈન્ટરનેશનલ સ્કુલ ક્યારે શરૂ કરી?

**જયભાઈ :** ૨૦૧૧માં હું તથા અમારો એક ભાગીદાર 'સ્કોલર્સ ડેન' સ્કુલમાંથી છુટા થયા અને વિદ્યાકુંજ ઈન્ટરનેશનલ સ્કુલ શરૂ કરી. આ શાળા દસ એકરમાં બનાવેલી છે. જ્યાં કિન્ટર ગાર્ડનથી ૧૨મા ધોરણ સુધીનો અભ્યાસ ઉપલબ્ધ છે. બન્ને ભાગીદારોની દેખરેખ હેઠળ શાળાનું બાંધકામ પણ ખુબજ કિફાયતી ખર્ચે કર્યું હતું. તથા ઉત્તમ શૈક્ષણિક કાર્ય પણ ઓછા ખર્ચે ઉપલબ્ધ છે. 'સ્માર્ટ બચ્ચે અચ્છે બચ્ચે, મહેંગા સ્કુલ અચ્છા સ્કુલ'ની માન્યતાઓ ફેલાઈ ગઈ છે પરંતુ ઉંચી ફી આપવાથી બાળકો સારા વિદ્યાર્થીઓ નથી બની શકતા, એ માટે તો સારું શિક્ષણ આવશ્યક છે.

**પ્ર.સ.:** તમારી વિદ્યાકુંજ ઈન્ટરનેશનલ સ્કુલ બહું મોંઘી છે?

**જયભાઈ :** બિલકુલ નહીં, અમારી વાર્ષિક ફી રૂા.૨૦,૦૦૦/- જેટલી જ છે એની સામે ખંડવામાં અન્ય શાળાઓ વાર્ષિક રૂા. ૮૦,૦૦૦/- થી રૂા. ૧,૧૦,૦૦૦/- જેટલી ફી લે છે. અમારી શાળાની નીતિ છે 'કોઈ ઉંચા દાવા નહીં, કોઈ ઉંચુ ધ્યેય નહીં.' પણ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવાને અમે પ્રાધાન્ય આપીએ છીએ. અમારી શાળામાં સુંદર બગીચો છે. જેમાં અનેક જાતના ફુલ-ઝાડ છે. તમામ પ્રકારના ફળોના ઝાડ પણ છે. વિદ્યાર્થીઓને દરેક બાબતનું પ્રેક્ટીકલ શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ આપતા પહેલા પરીક્ષા લેવાય છે. શાળાના શિક્ષકોને વિદ્યાકુંજના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન આપવાની છુટ નથી. આવી અનેક નીતિગત બાબતોને ધ્યાનમાં લઈએ છીએ.

**પ્ર.સ.:** હવે આગળના વિકાસનો શું પ્લાન છે?

**જયભાઈ :** વિસ્તરણના તબક્કામાં હોસ્ટેલ, કૉલેજ, મલ્ટીપરપઝ ઓડિટોરીયમ, જોગીંગ ટ્રેક વગેરે બનાવવાનું નિર્ધાર્યું છે. શાળાનો સ્ટાફ પરિવારના સભ્યોની જેમ કામ કરે છે એ ખૂબ જ મહત્ત્વનું છે. કોવિડ દરમ્યાન સ્ટાફના કોઈપણ સભ્યને છુટા કરવામાં નહોતા આવ્યા તે આપની જાણ ખાતર. વિશેષમાં કહું તો અમારી શાળાના પ્રિંસીપાલ ઘણાં ઓછા પગારે અમારી શાળામાં જોડાયા છે. કારણ કે શાળાની શિક્ષણ પદ્ધતિથી તેઓ ખૂબજ પ્રભાવિત છે. આસપાસના ૪૦ કિ.મી.ના વિસ્તારમાં બસની સુવિધા આપીએ છીએ. એટલે નાના ગામડાઓમાંથી પણ વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. અહીં શાળામાં મારી પત્ની યામિની ખુબ જ સક્રિય ભૂમિકા નિભાવે છે અને વહીવટી વિભાગનું સંચાલન કરે છે.

**પ્ર.સ.:** શાળામાં થતી ઈતર પ્રવૃત્તિઓ વિશે જણાવશો?

**જયભાઈ :** દર વર્ષે શાળામાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે ઉતરાયણનું પર્વ ઉત્સાહપૂર્વક અમે ઉજવીએ છીએ. ખંડવાના વિદ્યાર્થીના શ્રેષ્ઠ માતા-પિતાને જાત-પાત જોયા વિના શાળા સન્માનીત કરે છે. જેમનો દિકરો આઈઆઈટીમાં પાસ થયો હતો એવા એક મોચી દંપતિનું અમે સન્માન કર્યું હતું. તમે અમારી શાળાના કાર્યક્રમમાં ખંડવાના પૂર્વ મેયરને છોલે ભથુરે બનાવતા જોઈ શકશો તથા ખંડવાના પોલિસ સુપ્રીટેન્ડેન્ટને ગીલ્લી ડંડા રમતા પણ જોઈ શકો છો. આવા કાર્યક્રમોથી સંસ્કૃતિનું આદાન પ્રદાન થાય છે. ડાન્સ, લોકનૃત્ય, આદિવાસી નૃત્ય જેવા વિવિધ કલાપ્રદર્શનો થાય છે. સાથે સાથે ફેશન શો, ગર્લ્સ રેસલીંગ, મલખમ જેવા આયોજનો પણ થાય છે. અમારું કાર્ય એજ અમારું વિઝીટીંગ કાર્ડ છે.

**પ્ર.સ. :** ખૂબજ પ્રેરણા દાયક તથા પ્રોત્સાહક વાતો બદલ આપનો ખૂબ ખૂબ આભાર જયભાઈ.

**- ડૉ. હીરાચંદ દંડ**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189

# ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની નામાવલી

## સર્વે તપસ્વીઓની ખુબ ખુબ અનુમોદના

| | | | |
|---|---|---|---|
| ૩૨ ઉપવાસ | રમીલાબેન મોહનલાલ મોતીચંદ સોની | નલિયા | ભાંડુપ |
| ૩૧ ઉપવાસ | મહેન્દ્ર મુલજી ગોસર | બાયઠ | થાણે |
| ૩૧ ઉપવાસ | રેશ્મા તેજસ અને મુનવર | રંગપુર | નવી મુંબઈ |
| ૩૦ ઉપવાસ | ચીમનલાલ નાગશી મોમાયા | ડુમરા | હુબલી |
| ૩૦ ઉપવાસ | એકતા મયુર જવેરચંદ દંડ | સાંધવ | ડોંબિવલી |
| ૩૦ ઉપવાસ | જેસલ કિરણ જીવરાજ મોમાયા | તેરા | મસ્જિદ બંદર |
| ૩૦ ઉપવાસ | નિશા હરીશ ખેતસી શિયાળ | જખૌ | અમદાવાદ |
| ૧૬ ઉપવાસ | ધનલક્ષ્મી સુરેશ વિસનજી મોતા | કુવાપધર | ખામગામ |
| ૧૬ ઉપવાસ | હેમાંશી હેમંત સુરેશ મોતા | કુવાપધર | ખામગામ |
| ૧૬ ઉપવાસ | કાંતિલાલ પદમશી માતા | નલિયા | ગદગ |
| ૧૬ ઉપવાસ | કેવલી સુનિલ ધનજી સાયલા | લુણી | ખંડવા |
| ૧૬ ઉપવાસ | નયન મુલચંદ કાકણ | સાંધાણ | વડોદરા |
| ૧૬ ઉપવાસ | પિંકી અશ્વિન ખીમજી લોડાયા | લાલા | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | સલોની હેમંત ઠાકરશી સોની | વાંકુ | આદિપુર |
| ૧૬ ઉપવાસ | સલોની શૈલેષ ઝવેરચંદ પોલડિયા | બાંયઠ | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | શૈલેષ ઝવેરચંદ પોલાડિયા | બાંયઠ | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | શૈલેષ મધુકર (શાહ) મોતા | નલિયા | ઈન્ડોનેશિયા |
| ૧૬ ઉપવાસ | તન્વી હિતેશ હરીશ પોલડિયા | ડુમરા | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | તારાબાઈ મહેન્દ્ર પદમશી પીર લોડાયા | સુથરી | ડોંબિવલી |
| ૧૬ ઉપવાસ | વંદના નરેશ ઉત્તમચંદ મોમાયા | વારાપધર | હૈદરાબાદ |
| ૧૧ ઉપવાસ | હરીશ ખીમજી મોમાયા | સાંયરા | ડોંબિવલી |
| ૧૧ ઉપવાસ | હર્ષ ધનેશ સુર્યકાંત ધરમશી | સાંધાણ | વિરાર |
| ૧૦ ઉપવાસ | હિનાબેન હિતેશ હીરાચંદ છેડા | સુજાપર | કાલિકટ |
| ૧૦ ઉપવાસ | કીર્તિદા જવેરચંદ વિરચંદ નાગડા | જખૌ | મુલુંડ |
| ૯ ઉપવાસ | ભૂપેન ખુશાલ લોડાયા | રાપર | વાશી |
| ૯ ઉપવાસ | દિવ્યા ચેતન કુલીનકાંત ખોના | તેરા | પુણે |
| ૯ ઉપવાસ | હંસા રૂપશી જીવરાજ લોડાયા | ગોરખડી | ડોંબિવલી |
| ૯ ઉપવાસ | હિરલ ગીતેન નલિન શિયાળ | જખૌ | અમદાવાદ |
| ૯ ઉપવાસ | જયવંતી ગુલાબચંદ હિરજી છેડા | જસાપર | સુરત |
| ૯ ઉપવાસ | ખુશી કુમારપાલ મુલરાજ છેડા | નલિયા | ઘાટકોપર |
| ૯ ઉપવાસ | મૈત્રી લલિત કલ્યાણજી ડાઘા | સુથરી | ભુજોડી |

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

| | | | |
|---|---|---|---|
| ૯ ઉપવાસ | નવીન ઠાકરશી મૈશેરી | નાની સિંધોડી | ભરૂચ |
| ૯ ઉપવાસ | નીતિકા નિર્મલ જવેરચંદ લોડાયા | દલતુંગી | હુબલી |
| ૯ ઉપવાસ | પૂજા લલિત કલ્યાણજી ડાઘા | સુથરી | ભુજોડી |
| ૯ ઉપવાસ | તન્વી તેજસ તિલકચંદ લાલકા | વારાપધર | ઘાટકોપર |
| ૯ ઉપવાસ | ઉષા રાયચંદ કરમશી ધુલ્લા | રંગપુર | ડોંબિવલી |
| ૯ ઉપવાસ | વસંત શિવજી પોલડિયા | બાયઠ | કાલિકટ |

## અઠ્ઠાઈ તપના તપસ્વીઓની નામાવલી

લબ્ધી પ્રતીક નાગડા - (તેરા-મુલુંડ)
કિંજલ પરેશ દંડ - (પરજાઉ - મુંબઈ)
રોમીલ ભરત લોડાયા - (રાપરગઢવારી-મુલુંડ)
હાર્દિક ચંદ્રેશ ડાઘા - (વરાડીયા-વાશી)
તેજશ મહેન્દ્ર ખોના - (જખૌ-ભાંડુપ)
નિર્મલા ભરત લોડાયા - (મોટી ખાવડી-ડોંબિવલી)
સ્નેહા સંજય લોડાયા - (દલતુંગી-હુબલી)
દિલીપ વેલજી દંડ - (મંજલ રેલડીયા-હુબલી)
છાયા બિપીન મોમાયા - (સાંયરા-હુબલી)
પ્રમોદ દિપક વિકમશી- (વરાડીયા-હુબલી)
હિતેશ મુલચંદ ખોના - (મોટી ખાવડી-હુબલી)
વૈભવ સોમચંદ મોમાયા - (ડુમરા-હુબલી)
ઉષા મુલચંદ ખોના - (મોટી ખાવડી-હુબલી)
ઉમંગ વિમલેશ માલદે - (સેવક ભરૂડિયા-જામનગર)
મહેંદી ભાવેશ નાગડા - (નલિયા-મુલુંડ)
દિશા જીતેશ ધરમશી - (સુથરી-પુસાડ)
પ્રવિણા ઉત્તમ ગાલા - (તેરા-મુલુંડ)
પ્રિન્સ કિર્તી લોડાયા - (મોટી ખાવડી-મુલુંડ)
પ્રવિણા પ્રતાપ લોડાયા - (વરાડીયા-કાંજુરમાર્ગ)
રાજેશ ડુંગરથી હેફા - (જખૌ - મુલુંડ)
જીતેન ગુલાબચંદ ધરમશી - (સાંધાણ-વિરાર)
પૂજા ખુશાલ સંઘવી - (મુલુંડ)
વિવેક શૈલેન્દ્ર ધરમશી - (સાંધાણ-લંડન)
પલક જયેશ લોડાયા - (તેરા-ભાંડુપ)
નિલેશ દામજી દંડ - (સાંધવ-મુલુંડ)
ચિરાગ પ્રદિપ નાગડા - (નલિયા-ડોંબિવલી)
હર્ષલ પ્રદિપ નાગડા - (નલિયા-ડોંબિવલી)
મયુર દેવશી ધુલ્લા - (સુથરી-માટુંગા)
પંકજ ખીમજી ગોસર - (બાયઠ-ભાંડુપ)
પ્રાચી મયુર દંડ - (સાંધવ-ડોંબિવલી)
હીના રોનક ખોના - (નલિયા-ડોંબિવલી)
ખુશી વિપુલ ખોના - (સાંયરા-કાંજુરમાર્ગ)
વિધિ મણીલાલ મોમાયા - (વરાડીયા-મુલુંડ)
યશ મણીલાલ મોમાયા- (વરાડીયા-મુલુંડ)
ગીતા ગૌતમ મૈશેરી - (કુવાપધર-અહમદનગર)
મુકેશ ભવાનજી લોડાયા - (મોટી સિંધોડી-ડોંબિવલી)
તેજલ રાજેશ લોડાયા - (મોટી સિંધોડી-સાયન)
જયેશ જેઠાલાલ ધુલ્લા - (સેવક ભરૂડીયા-ડોંબિવલી)
મનિષા હરીશ મોમાયા - (સાંયરા-ડોંબિવલી)
રંજન નરશી સોની - (સુથરી-અમદાવાદ)
મુક્તિ પરેશ મૈશેરી- (જખૌ-ખારઘર)
વિધી પરેશ મૈશેરી - (જખૌ-ખારઘર)
ક્રિશ અમીત નાગડા- (પ્રજાઉ-નાસિક)
પદમ લાલજી લોડાયા - (વરાડીયા-ડોંબિવલી)
ચિત્રા પદમ લોડાયા - (વરાડીયા-ડોંબિવલી)
મીના કીરીટ ડાઘા - (વરાડીયા-મુલુંડ)
પુષ્પાબેન નલીન ખોના - (રંગપુર-ભાંડુપ)
દિપેશ જેઠાલાલ લાલકા - (વારાપધર-રાયપુર)
નીરવ હિતેશ ખોના - (સુથરી-ઘાટકોપર)
મિત્તલ વસંત મોમાયા - (વરાડીયા-ડોંબિવલી)
કનિષ્કા જીતેન નાગડા - (રાપર-મસ્જીદબંદર)
રાહુલ જીતેશ ધરમશી - (સુથરી-પુસાડ)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાું.**

# કલ્પવૃક્ષ યોજના : સંયોજક દ.ભા.ક.દ.ઓ. જૈન એકકમ

**કલ્પવૃક્ષ યોજનાની પ્રસ્તાવના**

વર્ષ ૧૯૯૩માં મેંજીયમના ઝાડની રોપણીની યોજનાએ ઘણું આકર્ષણ પેદા કરેલ. લગભગ ૬૦૦ જેટલી કંપનીઓએ આમાં ઝંપલાવેલ. આપણો પણ એમાં પ્રયાસ રહ્યો પણ દુર્ભાગ્યે કોઈ એક પણ કંપનીને સફળતા ન મળી, ન કોઈપણ કંપનીએ રોકાણકારોને સંતોષપૂર્વક જવાબ આપ્યો કે ન રોકાણ કરેલ પૈસા આપ્યા.

**દક્ષિણ ભારત જૈન એકમ દ્વારા સંયોજકની ભૂમિકા**

એ જ સમયે આપણા જ્ઞાતિજનો સમૃદ્ધિ પામે તે ઉદ્દેશથી દક્ષિણ ભારત એકકમના વડીલોએ ઝાડની વાવણી કરાવવી અને મધ્યસ્થી તરીકે રહીને કલ્પવૃક્ષ યોજનાની શરૂઆત કરેલ. દક્ષિણ ભારત એકમની અને અન્ય ચેરીટેબલ સંસ્થાનના સથવારે સત્યમંગલમ મધ્યે બોન પ્લાન્ટેશન એન્ડ એક્સપોર્ટ પ્રાઈવેટ લિમિટેડના સહકારથી જમીન લેવાનું નક્કી કરેલ. ભવિષ્યમાં જ્ઞાતિજનો માટે ધર્મશાળા, વડીલો માટે આશ્રમ, આવાસ યોજના, વૈદકીય, ભણતર તથા અન્ય જ્ઞાતિ સેવા માટેની પ્રવૃતિઓ સારી થઈ શકે એ ઉદેશ્યથી ખરીદી કરેલ છે.

**નીચે મુજબ જગ્યા ખરીદી કરી નોંધણી કરાવેલ**

| | |
|---|---|
| ૧. દ.ભા.ક.દ.ઓ એકક્સ – | ૪૯.૬૫ એકર |
| ૨. કલ્પવૃક્ષ ચેરિટિઝ – | ૪૩.૫૬ એકર |
| ૩. ઐક્યતા ચેરિટીઝ – | ૩૧.૪૪ એકર |
| | ટોટલ ૧૨૪.૬૪ એકર |

મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવતા દક્ષિણ એકકમે ટ્રી ઈન્વેસ્ટર પાસેથી મળેલી સંપૂર્ણ રકમ બોન પ્લાનટેશન એન્ડ એક્સપોર્ટસને ઝાડની વાવણી, દેખરેખ અને ઈન્વેસ્ટરને લાકડું આપવાની શરતે આપી દીધેલ. આ શરતોનો બોન પ્લાનટેશને સ્વિકાર પણ કરેલ. સદર શરતો અને દક્ષિણ ભારત એકકમની મધયસ્થી તરીકે ભૂમિકાનો ઉલ્લેખ સર્ટિફિકેટની પાછળ બાજુએ જણાવેલ છે.

**કુદરતની અસ્પષ્ટતાને કારણે યોજના નિષ્ફળ થઈ**

માણસ ધારે છે કાંઈ, પણ થાય છે પ્રભુ ઈચ્છા પ્રમાણે . એ પંક્તિ મુજબ, આબોહવા ઉપયુક્ત ન થવાથી, પાણીની ત્રુટિથી અને કુદરતના પ્રકોપ સાથે મૂળિયામાં રોગ લાગી ગયેલ. રોકાણકારોને એની જાણ તુરંત કરવામાં આવેલ અને સત્યમંગલમ ખાતે ૧૪-૧-૨૦૦૭ના મિટિંગ પણ રાખવામાં આવેલ.

વાવણીથી લઈ આજ દિવસ સુધી જગ્યાની સુરક્ષા માટે બોન પ્લાનટેશનને જવાબદારી સોંપેલ પણ એમનો પૂરો સહકાર મળેલ નથી.

**દક્ષિણ ભારત એક્કમની નૈતિક જવાબદારી**

દક્ષિણ ભારત એક્કમે પોતાની નૈતિક જવાબદારી સમજી રોકાણકારોને કંઈ ને કંઈ વળતર અપાવી શકીએ એ હેતુથી જગ્યા વેચાણ કરવાનો એક જ વિકલ્પ હતો. આર્બિટ્રેટર શ્રી તિલકચંદ કે. લોડાયાના આર્બિટ્રેશન એવોર્ડમાં જણાવ્યા મુજબ જગ્યાનું વેચાણ કરી કમ સે કમ રોકાણકારોને રોકાણ કરેલ રકમ પાછી આપવી.

**દક્ષિણ ભારત એકકમના સંસાધનોની ખોટ**

આ પંદર–સત્તર વર્ષ દરમિયાન દક્ષિણ ભારત એકકમને ઘણી મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવો પડ્યો. અલગ-અલગ શહેરોમાં લગભગ ૨૦ કોર્ટ કેસ એકકમની સામે થયા અને દુર્ભાગ્યે આપણી જ્ઞાતિના અમુક લોકોએ શંકાને સ્થાન આપી કોર્ટ કેસ કરેલ.

આ કાનૂની કાર્યવાહી કરવામાં સમય સાથે પૈસા પણ પાણીની જેમ ખર્ચવા પડયા. વકીલો સાથે વિચાર–વિમર્શ કરવાના અને કાયદાકીય કાર્યવાહીની ફી આપવામાં મોટો ખર્ચો થયો. ઘણા કેસમાં કોર્ટમાં એકકમ તરફી નિર્ણય આવવાથી સફળતા મળી પણ હાલના પદાધિકારીઓ અને માજી પદાધિકારીઓ અને સંપૂર્ણ કમિટીના સભ્યોને ઘણું સહન કરવું પડ્યું અને સમય અને પૈસાનો ભોગ આપવો પડ્યો.

**સભ્યોને ખોટી માહિતી**

આપણી જ જ્ઞાતિના સભ્યો દ્વારા આપણા સમુદાયને વિવિધ ચેનલો અને ફોરમ દ્વારા પુરાવા વિના અથવા તો હકીકતોની ચકાસણી કર્યા વગર દક્ષિણ ભારત એકકમ અને તેના હેતુઓ વિશે ખોટી માહિતી ફેલાવીને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો જેના પરિણામે દક્ષિણ એકકમના પદાધિકારીઓ / કાર્યકારી સમિતિના સભ્યોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

**સત્યમંગલમની જમીન વેચવાનો નિર્ણય**

આ મુશ્કેલીઓમાંથી બહાર આવવા માટે દક્ષિણ એકકમ કારોબારી સમિતિની મિટિંગમાં સત્યમંગલમની જગ્યા વેચવાનું નક્કી કરેલ અને ત્યારબાદ તારીખ ૧૪-૧૧-૨૦૨૧ના વિશેષ સામાન્ય સભામાં સંપૂર્ણ જગ્યાની વેચાણની સર્વાનુમતે મંજૂરી મેળવી હોદેદારોને પૂર્ણ સત્તા આપવામાં આવી.

**જમીન વેચવા માટે પડકારો**

◆ મૂળ વેચાણ ડીડ ન મળવી : સત્યમંગલમની જગ્યા વેચવા બાબત એકકમને ઘણા પડકારો હતા. વર્ષ ૧૯૯૪ થી ૨૦૨૨ સુધીમાં સમયાંતરે ઓફીસનું સ્થળાંતર થતા જગ્યાના ઓરિજિનલ કાગળ મિસપ્લેસ થઈ ગયા. નોન–ટ્રેસેબલ

સર્ટીફિકેટ મેળવવા બેંગ્લોર અને સત્યમંગલમ ખાતે એફઆઈઆર કરવી પડી અને સર્ટીફિકેટ મેળવવા ઘણો મોટો ખર્ચો કરવો પડ્યો.

◆ કોઈમ્બતુર ખાતે પેન્ડિંગ કેસ : કોઇમ્બતુર મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલતો એક કેસ આપણા માટે ખુબ જ પેચીદો હતો. એક પાર્ટીએ આપણી જમીન લીઝ પર આપી દીધી અને આ બાબત સત્યમંગલમ રજિસ્ટ્રાર ઓફિસમાં નોંધણી પણ કરાવી દીધી. કોઈમ્બતુર કોર્ટના ઓર્ડર પ્રમાણે, કોર્ટની પરવાનગી વગર આપણે જગ્યા વેંચી નથી શકતા. રેકોર્ડ પ્રમાણે આપણી જમીન ઉપર આપણો હક જ ન હતો. સદર બાબત કલીયર કર્યા વગર જમીનનું વેચાણ અશક્ય હતું.

◆ એક કરતાં વધુ ખરીદનારને જમીનનું વેચાણ : બે સર્વે નંબરની જમીન (અંદાજે સાડા ત્રણ એકર) આપણા પહેલાના મલિકે આપણને વેચ્યા પછી અન્ય પાર્ટીને બીજી વખત વેચી દીધી હતી અને એક સર્વે નંબરમાં એક એકર જગ્યા જ ઓછી હતી.

◆ બહુવિધ વેચાણ ડીડ્સ બનાનવું જરૂરી : આપણા ખરીદદારોની વિનંતીના આધારે દરેક સર્વેના પ્રમાણે અલગ અલગ ૨૯ સેલ ડીડ બનાવવી પડી જે ખરેખર ખુબ જ અઘરું અને કંટાળાજનક કામ હતું.

◆ વેચાણ કિંમત : ઉપરોક્ત ખામી ભરેલ અનેક મુદ્દાઓનો ખ્યાલ કરતા આપણને આ જગ્યા વેંચવાનો બહુ મોટો પડકાર હતો. પણ પરમ કૃપાળુ પરમાત્માના આશીર્વાદ થકી અને કમિટી મેમ્બરના સહકાર સાથે પદાધિકારીઓની અવિરતપણે સખત મહેનત અને ખૂબ જ ઝીણવટપૂર્વક છણાવટ કર્યા પછી આ વેચાણનું કાર્ય શક્ય બન્યું છે.

હકીકતમાં આપણી જ્ઞાતિના જ અમુક જણાએ પોતાની માલિકીના ટાઇટલ સાથેની જમીન અડધો, એક, બે એકર બે લાખ રૂપિયાથી ચાર લાખ પ્રતિ એકર સુધી વેચાણ કરેલ છે. પડકાર રૂપી આપણી પાસે ઓરીજીનલ સેલ ડીડ ન હોવું, કોર્ટમાં ઘણા કેસ ચાલતા હોવા છતાં અને આપણી પાસે જમીનનો કબજો પણ ન હોવા છતાં જે સ્થિતિમાં છે તે સ્થિતિના આધારે ચાર લાખ પ્રતિ એકર પ્રમાણે ભાવ મેળવી શક્યા છીએ. આ રીતે તારીખ ૧૪-૭-૨૦૨૨ના દિવસે ૧૨૩.૬૫ એકર જગ્યાની વેચાણ નોંધણી કરાવી શક્યા છીએ.

◆ ખર્ચ અને જોગવાઈઓ : આ વેચાણના લીધે ઓડિટરના અભિપ્રાય પ્રમાણે ૨૪% લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેકસ ભરવો પડશે. પાછલા ૧૭ વર્ષથી ચાલતા કોર્ટ કેસ માટે વકીલોની લીગલ ફી થી પોલીસ ડિપાર્ટમેન્ટના ખર્ચા, નોન ટ્રેસેબલ સર્ટીફિકેટ માટેના ખર્ચા અને વેચાણ પ્રક્રિયા માટેના લીગલ ખર્ચાઓ મોટા પ્રમાણમાં આવેલ છે.

ઓડિટર અને વકીલોના જણાવ્યા મુજબ હજી પણ ચાલતા અમુક કોર્ટ કેસો અને કદાચ ભવિષ્યમાં કંઈ લીટીગેશન આવે તો પહોંચી વળવા માટે સારું એવું રીઝર્વ ફંડ રાખવું જરૂરી છે.

◆ નિષ્કર્ષ : ઉપલબ્ધ રેકોર્ડ મુજબ વૃક્ષ રોકાણકારો દ્વારા રોકાણ કરાયેલા કુલ વૃક્ષોની સંખ્યા ૪૧,૩૩૯ છે.

થયેલ ખર્ચા અને ભવિષ્યમાં થનાર ખર્ચાઓ, કેપિટલગેઈન ટેક્ષ વગેરેની સામે જમીન વેચાણ દ્વારા મળેલી રકમમાં બાદ કરતા દક્ષિણ ભારત એકકમે નક્કી કરેલ છે કે ઝાડ દીઠ રૂપિયા ૮૨૦/- એટલે કે કરેલ રોકાણની ડબલ રકમ આપવી યોગ્ય રહેશે.

પોતાના સર્ટિફિકેટ ડોનેશન તરીકે સરેન્ડર કરેલ દાતાઓને પણ રકમ આપવી, પોતે રોકાણ કરેલ રકમ પરત મેળવી લીધેલ ઇન્વેસ્ટરને વળી એટલી જ રકમ આપવી અને જેમણે અત્યાર સુધી કંઈ જ નથી મેળવ્યું એ ઇન્વેસ્ટરને પણ ડબલ રકમ આપવાનું નક્કી કરેલ છે. આ પેમેન્ટની પ્રક્રિયા સ્થાનિક મહાજનોના સહકારથી આપવાનું શરૂ કરવામાં આવશે જેની વિગત જાહેર કરવામાં આવશે.

દક્ષિણ ભારત એક્કમ હંમેશા સારા અને ઉમદા હેતુઓ સાથે આપણા જ્ઞાતિની સેવા કરવા માટે કામ કરે છે. આ વેચાણ પ્રક્રિયામાં ભૂતકાળ અને હાજર કમિટીના સભ્યોના સહકાર સાથે દિવસ-રાત જોયા વગર ખૂબ જ ખંતથી મહેનત કરી, સારા ભાવ મેળવી વેચાણની પ્રક્રિયા સફળ રીતે પૂર્ણ કરી ઇન્વેસ્ટરોને વધુમાં વધુ રકમ આપવાનો શક્ય પ્રયાસ કરેલ છે.

દક્ષિણ ભારત એકકમ હંમેશા જ્ઞાતિની ઉન્નતી અને સગવડતા માટે કામ કરી રહ્યું છે જેમકે ખુબ જ સુંદર આધુનિક સગવડતા સાથેનું કચ્છી ભવન હોલ અને રૂમો જ્ઞાતિજનો માટે ખૂબ જ નોમિનલ ચાર્જમાં ઉપલબ્ધ છે. કોઈપણ જ્ઞાતિને પ્રાર્થના માટે વિના ચાર્જ આપવામાં આવે છે સમસ્ત જ્ઞાતિના સંજીવની યોજનામાં દરેક દર્દીને રૂપિયા પાંચ હજારની મદદ મોક્લવામાં આવી રહી છે. આ ઉપરાંત એજ્યુકેશન મેડિકલ અને અન્ય જરૂરિયાત માટે મદદ માટે હંમેશા તત્પર હોય છે.

જ્ઞાતિજનોને હૃદય પૂર્વક વિનંતી કરીએ છીએ કે અમને સહકાર આપશો. અમારા ઉદ્દેશોને પૂર્ણ કરવા ઉદાર હાથે ફાળો નોંધાવશો.

ઇન્વેસ્ટરોને ખાસ વિનંતી કે મનમાં કાંઈ પણ શંકા હોય, કોઈ પ્રશ્ન હોય તો વિના સંકોચે અમારો સંપર્ક કરશો. ગેરસમજણ ન ફેલાય એનું વિશેષ ધ્યાન રાખજો.

**સહકારની આશા સાથે કાર્યકારિણી સમિતિ**
**દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકકમ**

# KALPAVRIKSHA YOJANA

## Cordinated by D.B.K.D.O Jain Ekkam

**PREAMBLE OF KALPAVRUKSHA YOJNA**

In the year 1993 when teak plantation schemes had become very popular across the country and expected to give good returns, about 600+ companies had floated similar plantation schemes, unfortunately, not even a single company has succeeded or exists, all schemes failed, and there is not a single company to respond to or address any queries of tree investors.

**ROLE OF COORDINATOR PLAYED BY DBKDO JAIN EKKAM**

In the same year 1993, with a sole objective of making our community members more prosperous, few senior members of Dakshin Ekkam planned to float plantation scheme making DBKDO Jain Ekkam as a coordinator of the scheme "KALPAVRUKSHA YOJNA".

The role of DBKDO Jain Ekkam as a coordinator is also clearly mentioned on the back of the certificate issued to all the tree investors.

DBKDO Jain Ekkam along with other charitable institutions decided to own about 124.65 acres of land at satyamangalam to enable "BON PLANTATION AND EXPORTS Pvt Ltd." to plant the trees and give wood to the tree investors, the details of the ownership of the land is as given below,

**DBKDO Jain Ekkam- 49.65 acrs , Kalpavruksha Charties- 43.56 acrs, Aikyata Charities-31.44 acrs**

BON PLANTATION AND EXPORTS Pvt Ltd had guaranteed to give the wood to the tree investors and the same is also clearly mentioned in the tree certificate.

DBKDO Jain Ekkam paid the entire amount collected from the tree investors to the planters M/S BON PLANTATION AND EXPORTS Pvt Ltd and played only a role of the coordinator, it coordinated between the Tree investors (Tree owners) and Tree Planters - "BON PLANTATION AND EXPORTS Pvt Ltd."

**SCHEME FAILED DUE TO VAGARIES OF NATURE**

We all have heard about the saying "Man proposes, God disposes"

Human beings can make any plans they want, but it's God that decides their success or failure. The plantation did well in the initial years and with the passage of time, nature had different plans and more than 90% of the trees were infected with Root Rot disease, resulting the scheme failed, this matter was informed to all the tree investors and a meeting was called at the plantation site on 14-01-2007 requesting all the tree investors to join the meeting.

**MORAL OBLIGATION OF DBKDO JAIN EKKAM**

However Dakshin Ekkam, considered as its moral obligation to protect its member's investments and explored the option of selling its entire land of 124.5 acres and returning the money to the tree investors. As per the arbitration award passed by arbitrator shri Tilakchandbhai K Lodaya, the entire land of 124.65 acres should be sold and out of the sale proceeds the tree investors should be given at least the amount they have invested.

**LOSS OF DBKDO JAIN EKKAM's RESOURCES**

For more than 17+ years we have faced several challenges and obstacles , There were close to 20+ cases filed against Ekkam in different cities by not only external investors but also by our own community members which was very unfortunate.

We had to pay huge amounts to legal counsels / advocates towards legal fees and expenses to fight these cases and all judgments went in the favour of Ekkam.

In the process we have lost valuable resources and time of our office bearers and committee members and also huge amount of money of our community which was paid to advocates to fight the legal battles.

**MISINFORMATION TO MEMBERS**

Our Community was misled by a few of our community members by spreading misinformation about Dakshin Ekkam and its intentions through various channels and forums without evidence or even verifying the facts which resulted to lots of hardship to the office bearers / working committee members of DBKDO JAIN EKKAM.

**DECISION TO SELL SATYAMANGALAM LAND.**

It was decided by the working committee to sell its land at Satyamangalam

And the matter was placed before the Special general body held on 14-11-2021 which gave the permission to sell the land.

**CHALLENGES TO SELL THE LAND.**

- **ORIGINAL SALE DEED MISSING/MISPLACED**

With the passage of time (1994 to 2022) and shifting of office of DBKDO Jain Ekkam to numerous locations the original sale deed was misplaced and went missing. We had to file an FIR and get a Non Traceable certificate before we could sell the land and to obtain the Non Traceable certificate we had to pay a sizable amount.

- **PENDING CASE AT COIMBATORE**

In the order of one of the cases at Coimbatore magistrate court, we could not alienate the land till such time the matter is resolved and based on the strength of the order the complainant had **illegally leased** out the entire land of 124.65 acres to third party and the same was also **registered** in the office of the sub registrar satyamangalam.

So as per records we were not having possession of the entire land.

- **SALE OF LAND TO MORE THAN ONE PURCHASER.**

It was also found that few acres of land in different survey numbers owned by DBKDO Jain Ekkam were also sold to two parties by the previous vendor.

As per revenue records, one of the survey numbers had one acre of land less than what was shown in our registered sale deed.

- **MULTIPLE SALE DEEDS EXECUTED**

Due to reasons best known to the purchasers, on the request from the purchaser, we had to execute 29 sale deeds (On the basis of one per each survey number), it was also very laborious and tedious exercise.

**SALE PRICE.**

With so many issues, it was very difficult to find a buyer. However with the grace of God and relentless hard work of past and present committee members, we were able to find one. After several meetings and negotiations spreading over 2 years.

**It is also a known fact that few of individual KDO members having small parcels of land (between half to one acre) with clear title near to the land owned by DBKDO Jain Ekkam in satyamangalam have sold their land at a price ranging from Rs.3,00,000/- to Rs.4,00,000/- per acre.**

In spite of the challenges like missing title deeds, pending court cases and without possession of land on records, We were able to get the buyer to agree to a price of Rs.4 lacs per acre (Rupees Four Lakhs per acre.) along with our terms of selling the land to the purchasers on "**as is, where basis"** with no future liability on Ekkam.

The total saleable land area was **123.65 Acres** and the process of sale was completed on 14th July 2022.

**EXPENSES AND PROVISIONS**

As per the instructions of the auditors we have to make a provision of about 24% towards Long term capital gain tax.

Ekkam has spent huge amount on legal and other expenses over the last 17+ years including that towards legal fees for the sale of land and other charges for obtaing the Non Traceable Certificate from the said police department and certified copies of the originals.

We have also been advised by the auditors and legal advisors to reserve certain amount for some of the ongoing court cases and any potential future litigation.

**CONCLUSIONS**

As per the available records the total number of trees invested by the tree investors is 41,339.

Considering the total amount available for distribution Versus number of trees invested after provisioning for Long term capital gains Tax, legal and other expenses of past and future.

**DBKDO Jain Ekkam has decided to give Rs.820/- per tree to the tree investors, which is twice the amount invested by the tree investors.**

**Tree investors who have voluntarily surrendered their tree certificates as donation in the past will also be paid the same amount of Rs.820 per tree.**

Those investors who have already received their invested amount after handing over their certificates will further get the difference of amount. For example, if they have already received the invested amount Rs.410/- per tree then they will get an additional amount of Rs.410/-

The process for paying the amount and other details will be shared in a separate communication at a later date.

Dakshin Ekkam has always worked towards serving our community with good and noble intentions. Ekkam Committee members have spent their personal time and several late nights to close this deal to get the best price for the sale of land so that maximum amount can be returned to the tree investors.

Dakshin Ekkam has always worked towards the betterment of our community, be it construction of world class Kutchi Bhavan, giving hall and rooms at very nominal rent to our KDO members, organizing Yuva Milans for youth development, education, charity work, Medical support etc.

We request our fellow KDO members to come forward to support and donate towards our future charitable objectives.

In case there is any scepticism in the minds of investors about this whole process. We urge such members to come forward and clarify their queries / doubts and we shall be glad to furnish the same.

Regards

**TEAM WORKING COMMITTEE DBKDO JAIN EKKAM**

Advt.

# જીવન સંગીની / અર્ધાંગિની ધર્મ પત્નીની વિદાય

પત્ની છે તો દુનિયામાં બધું જ છે. આજે તમે રાજાની જેમ અને દુનિયામાં મસ્તક ઊંચું રાખીને જીવો છો ને તે તમારી પત્નીને આભારી છે.

તમારી સગવડ અગવડ, તમારો વગર કારણનો ગુસ્સો સંભાળે છે. તમારા સુખે સુખી અને તમારા દુખે દુઃખી થાય છે. તમે રવિવારે મોડે સુધી પથારીમાં પડી રહેલા હો પણ તેનો તો કોઈ રવિવાર કે તહેવાર હોતો જ નથી. ચા લાવ ને, પાણી લાવ ને, જમવાનું લાવ. આ તો આવું છે અને પેલું તો તેવું છે. તારામાં અક્કલ ક્યારે આવશે? આવો ખોટો ખોટો વટ મારો છો. એનામાં અક્કલ છે અને એ છે તો જ તમે ટકેલા છો. નહીં તો દુનિયામાં તમારો કોઈ ભાવ પણ નહીં પૂછશે. જરા આ સ્થિતિની કલ્પના કરી જુવો.

એક દિવસ પત્ની અચાનક રાતના સમયે મૃત્યુ પામે છે!! ઘરમાં રોકકળ થાય છે!! પત્નીના અંતિમ દર્શન ચાલી રહ્યા હતા!! તે સમયે એનો આત્મા જતાં જતાં પોતાના પતિને જે કાંઈ કહે છે તેનું આ વર્ણન છે!!

''ચાલો હું જાઉં છું,

હવે ફરી કદીયે મળાશે નહીં!! લખેલા લેખ વિધિએ ટાળ્યા તો ટળાશે નહીં!!

ચાલો હું જાઉં છું

જે 'દિ આપણે સાથે ફરેલા!! જીવીશું ને મરીશું સંગ એવા કોલ દીધેલા!! અચાનક જાવું પડશે એકલા મુજને ખબર નહીં!!

ચાલો હું જાઉં છું

મૂકીને દેહ મારો આંગણામાં હવે હું જાઉં છું!! ઘણું દુઃખ થાય છે મને!! પણ હું થઈ મજબૂર હવે હું જાઉં છું!! નથી મન માનતું જતાં, છતાં મારું કંઈ ચાલશે નહીં...

ચાલો હુ જાઉં છું

અતિ કલ્પાંત કરે છે!! જુઓને દીકરો ને વહુ !! નથી જોયું જવાતુ છતાં ના દઈ શકતી દિલાસો હું!! અને રડે છે, દીકરાનો દીકરો કહે છે બા... બા... એને તો શાંત પાડો જરાયે ધ્યાન નથી રાખતા. હા અને તમે મજબૂત રહેજો ઢીલા ન પડશો જરાય!!

ચાલો.. હું જાઉં છું

જુઓ હમણાં જ સાસરેથી દીકરી આવશે જ્યારે જોઇને દેહ મારો ભારે રૂદન કરશે ત્યારે સંભાળી એને શાંત પાડજો! અને તમે જરાયે પણ રોતા નહીં!!

ચાલો. હું જાઉં છું

જેનું નામ તેનો નાશ નિયતિએ નક્કી કર્યું છે!! જગતમાં જે કોઈ આવ્યું છે, તે અહીંથી સિધાવ્યું છે!! ધીરે ધીરે ભૂલી જજો, મને બહુ યાદ કરતા નહીં!! અને ફરી આ જીવનમાં ઓતપ્રોત થઈ રહેજો. હવે મારા વિના જ જિંદગી જીવવાની છે એની આદત ઝડપથી પાડી દેજો.

ચાલો હું જાઉં છું

નથી મારું કહ્યું માન્યું તમે કદી યે આ જીવનમાં, છોડી સ્વભાવે જિદ્દી તમે હવે નમ્ર બનો વર્તનમાં !! મૂકીને એકલા જાતાં મને ચિંતા થતી ઘણી!! પણ શું કરૂં મજબૂર છું.

ચાલો હું જાઉં છું

તમોને બી.પી ને હૃદયની મોટી છે બિમારી !! ન ખાતા ગળપણ જરા ભૂલથી નહીંતર તકલીફ થશે ભારી!! સવારે ઊઠીને જો જો દવા લેવાનું ભૂલતા નહીં!! ચા મોડી મળે તો વહુ પર ગુસ્સો કરતા નહીં. હવે હું નથી એ સમજીને જીવજો...

